## આકાશવાણી-ભુજ

## સમાચાર વાચક:- નેહલ ઠક્કર

## કોમ્પ્યુટર રાઈઝ- દેવાભાઈ કે રબારી

## તારખ: ૦૭-૦૪-૨૦૨૪ સમય:-સવારે ૬.૫૦ કલાકે

---

# મુખ્ય ચુંટણી કમિશ્નર-બેઠક

મુખ્ય ચુંટણી કમિશ્નરે મતદાનની ટકાવારી વધારવા માટે પસંદ કરેલા જિલ્લાઓના નિગમ કમિશ્નરો અને ચૂંટણી અધિકારીઓને દર મતદાન કેન્દ્ર દીઠ કાર્યયોજના તૈયાર કરવાનો આદેશ આપ્યો છે. તેમણે શહેર અને ગ્રામીણ વિસ્તારો માટે જુદી-જુદી કાર્યનિતી બનાવવાનું કહ્યું છે. મુખ્ય ચૂંટણી કમિશ્નરે નવી દિલ્હીમાં ગઈ વખતની ચૂંટણી દરમિયાન મતદારોની ભાગીદારી ઓછી હતી તેવા 11 રાજ્યોના નિગમ કમિશ્નરો અને ચૂંટણી અધિકારીઓ સાથે બેઠક કરી હતી.

મુખ્ય ચુંટણી અધિકારીએ મતદારો લોકતંત્રના મહાપર્વ ચૂંટણીમાં ભાગ લેવા બદલ ગૌરવ અનુભવે તે રીતે કામ કરવાનું અધિકારીઓને કહ્યું, તેમને કહ્યું કે ગયા વખતની ચૂંટણી વખતે ઓછું મતદાન થયું હોય તેવા 215 ગ્રામીણ અને 51 શહેરી સંસદીય ક્ષેત્રો અલગ તારવવામાં આવ્યા છે, ત્યા મતદારો સક્રિયપણે ભાગ લે તેવા પ્રયાસો કરવામ આવશે. તે માટે મતદાન કેન્દ્રો પર સગવડો વધારવી, મતદારો સુધી પહોંચવાના લક્ષ્યાંકને પાર પાડવું, તેમજ લોકોને પ્રોત્સાહિત કરવા માટે મહત્વપૂર્ણ પક્ષોને સામેલ કરવા જેવી ત્રણ સૂત્રોની નીતિ પર ભાર મૂકવામાં આવશે.

આ બેઠકમાં દિલ્હી, મુંબઈ, અમદાવાદ, ચેન્નઈ,બેંગલુરૂ, હૈદરાબાદ, પુના, થાણે, નાગપુર, પટના સાહિબ, લખનૌ અને કાનપુરના નિગમના કમિશ્નરો તેમજ બિહાર અને ઉત્તર પ્રદેશના કેટલાક જિલ્લાઓના ચૂંટણી અધિકારીઓએ ભાગ

લીધો હતો. કર્ણાટક, ગુજરાત, મધ્યપ્રદેશ, રાજસ્થાન, તમિલનાડુ, તેલંગાણા અને પંજાબના મુખ્ય ચૂંટણી અધિકારીઓએ આ બેઠકમાં વર્ચ્યુઅલી ભાગ લીધો હતો.

**(RNU અમદાવાદ)**

---------------------------------------------------------------------

## ચુંટણીપંચ-સોશિયલ મીડિયા સંદેશ ભ્રામક

ભારતીય ચૂંટણી પંચે વોટ્સએપ પર ફરી રહેલા 15 લાખ EVM ગાયબ હોવાના સંદેશાઓ ખોટા અને પાયા વિહોણા ગણાવ્યા છે.

સોશિયલ મીડિયાના માધ્યમથી પંચે જણાવ્યું છે, કે આ દાવો ભ્રામક અને નકલી છે.કોઈ EVM ગુમ નથી થયા અને સર્વોચ્ચ અદાલતે પણ EVM ગુમ થયા હોવા અંગેની અરજીઓ ફગાવી દીધી છે.ચુંટણીપંચે અધિકૃત માહિતી માટે લોકોને પંચની સત્તાવાર વેબસાઈટની મુલાકાત લેવા કહ્યુ છે.

**(RNU અમદાવાદ)**

---------------------------------------------------------------------

## રાજ્યસભા સાંસદ-શપથ

ભારતીય જનતા પક્ષના અધ્યક્ષ જગત પ્રકાશ નડ્ડા સહિત પાંચ નવા સભ્યોએ ગઈકાલે રાજ્યસભાના સભ્ય તરીકે શપથ લીધા.જે.પી.નડ્ડા ગુજરાતમાંથી રાજ્યસભા સાંસદ તરીકે ચુંટાયા છે. ઉપરાષ્ટ્રપતિ અને રાજ્યસભાના સભાપતિ જગદીપ ધનખડે સભ્યોને શપથ લેવડાવ્યા. તેમાં ભાજપના અશોક રાવ શંકરરાવ ચૌહાણ, અને ચુન્નીલાલ ગરાસીયા, તૃણમુલ કોંગ્રેસના સુષ્મિતા દેવ અને મોહંમદ નદીમૂલ હક તેમજ કોંગ્રેસના અનિલકુમાર યાદવ મંદાદીનો સમાવેશ થાય છે.

**(RNU અમદાવાદ)**

---------------------------------------------------------------------

## કચ્છ-ફર્સ્ટ રેન્ડમાઈઝેશન

લોકસભા ચૂંટણીનું મતદાન કચ્છમાં મે મહિનાની 7મી તારીખે થવાનું છે. ત્યારે ગઈકાલે ભુજમાં રાજકીય પક્ષોની હાજરીમાં પ્રથમ રેન્ડમાઇઝેશનની પ્રક્રિયા હાથ ધરાઇ હતી. જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેક્ટર અમિત અરોરાની અધ્યક્ષતામાં કલેક્ટર કચેરી ખાતે ઈવીએમ મશીનની ફર્સ્ટ ઈલેક્ટ્રોનિક રેન્ડમાઈઝેશનની પ્રક્રિયા હાથ ધરાઇ હતી. ફર્સ્ટ રેન્ડમાઈઝેશન દરમિયાન વિવિધ રાજકીય પક્ષોના પ્રતિનિધિઓએ ઈલેક્ટ્રોનિક રેન્ડમાઈઝેશનની પ્રક્રિયા પ્રત્યક્ષ નિહાળી હતી. રાજકીય પાર્ટીના પ્રતિનિધિઓની હાજરીમાં જ ઈવીએમ રેન્ડમાઈઝેશન કરી સમગ્ર પ્રક્રિયાને ફાઈનલાઈઝ કરાઇ હતી.

જિલ્લાના અબડાસા, માંડવી, ભુજ, અંજાર, ગાંધીધામ અને રાપર વિધાનસભા દીઠ પ્રથમ ઈલેક્ટ્રોનિક રેન્ડમાઈઝેશનની પ્રક્રિયા પૂર્ણ કરાઈ હતી. તાલીમ અને નિદર્શનની ફાળવણી બાદ ઈવીએમ મેનેજમેન્ટ સોફ્ટવેરમાં કુલ 2766 બેલેટ યુનિટ, 2410 કન્ટ્રોલ યુનિટ અને 2624 વીવીપેટ ઉપલબ્ધ હતા.

**(નેહલ ઠક્કર/NP)**

---

## આઈ.પી.એલ

IPL ક્રિકેટમાં  રાજસ્થાન રોયલ્સ  અને રોયલ ચેલેન્જર્સ બેંગલુરુ વચ્ચે ગઈકાલે જયપુરના સવાઈ માનસિંહ સ્ટેડિયમમાં ખાતે રમાયેલી (IPL) મેચમાં રાજસ્થાન રોયલ્સે  રોયલ ચેલેન્જર્સ બેંગલુરુને 6 વિકેટે હાર આપી હતી. રોયલ ચેલેન્જર્સ બેંગલુરુ 20 ઓવરમાં 3 વિકેટે 183 રન બનાવ્યા હતા.જવાબમાં રાજસ્થાન રોયલ્સે 19.1 ઓવરમાં 4 વિકેટ ગુમાવીને લક્ષ્યાંક હાસલ કરી લીધો હતો. રાજસ્થાન રોયલ્સે ઈન્ડિયન IPLમાં સતત ચોથી જીત નોંધાવી છે. જોસ

બટલરે 58 બોલમાં પોતાની સદી પૂરી કરી હતી. RCB તરફથી વિરાટ કોહલીએ 73 બોલમાં 113 રન બનાવ્યા હતા.

**(ચંદ્રવદન પટ્ટણી)**

---

## રાજ્ય-હવામાન

રાજ્યમાં છેલ્લા થોડા દિવસમાં તાપમાનમાં ઘટાડો નોંધાતા ગરમીમાં રાહત મળી છે. જો કે હવામાન વિભાગ દ્વારા આગામી દિવસોમાં તાપમાનમાં વધારા સાથે વરસાદની આગાહી કરવામાં આવી છે. રાજ્યમાં આગામી 6 દિવસ ગરમીમાં વધારો થવાની સંભાવના છે, ત્યારે આગામી 10 અને 11 એપ્રિલે વરસાદની આગાહી કરવામાં આવી છે.

**(RNU અમદાવાદ)**

---